કમિશનરશ્રીની કચેરી,મહેકમ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
સર મંગળસિંહજી રોડ, ભાવનગર
Email ID: bmc.cpo@gmail.com

ભાવનગર – મહાનગરપાલિકા

ભાવનગર મહાનગરપાલિકાની (૧) સ્ટેનોગ્રાફર (ગુજરાતી) અને (૨) સ્ટેનોગ્રાફર (અંગ્રેજી) પ્રથમ પરીક્ષા તા.૦૬/૧૧/૨૦૨૬ ના રોજ લેવામાં આવનાર છે તેના કોલ લેટર તા.૨૬/૧૦/૨૦૨૬થી ૬.૦૦ કલાકેથી ઓજસ વેબસાઈટ મારફતે ડાઉનલોડ કરી શકશે જેની ઉમેદવારો એ નોંધ લેવી

બંને પરીક્ષાનો અભ્યાસ ક્રમ નીચેની વિગતે છે

(૧) સ્ટેનોગ્રાફર (ગુજરાતી)

(૧) લાયકી પરીક્ષા (લઘુલિપિ કસોટી)

(ક) પ્રતિ મિનિટ ૬૦ શબ્દોની ઝડપે બે મિનિટના ગુજરાતી પરિચ્છેદનું લઘુલિપિમાં શ્રુતલેખન અને તેનું અનુલેખન પ્રતિ મિનિટ સાત શબ્દોની ઝડપે કરવું (સુવાચ્ય હસ્તાક્ષરમાં, ટાઈપિંગથી નહી).

(ખ) આ કસોટીનો હેતુ,આપેલ શાબ્દિક ઝડપ માટે લઘુલિપિના લખાણમાં લખવા માટેની ઉમેદવારની ક્ષમતા ચકાસવાનો છે.

(ગ) કસોટીનો પ્રકાર, લઘુલિપિમાં ઉમેદવારોના કૌશલ્યની ખાતરી કરવાનો છે. લઘુલિપિમાં જરૂરી કૌશલ્ય ધરાવતા હોય તેવા ઉમેદવારોને, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાની યોજના અને તેના વિષય.

મુખ્ય પરીક્ષા, નીચેના બે પ્રશ્નપત્રોની રહેશે :

પ્રશ્નપત્ર -૧ : ગુજરાતી : ભાષા પ્રભુત્વ અને કોમ્પ્યુટરની જાણકારી (વર્ણનાત્મક અને હેતુલક્ષી)

પ્રશ્નપત્રનું માળખું: ૧૦૦ ગુણ , સમયગાળો ૨:૦૦ કલાક (૧૨૦ મિનિટ)

નિબંધ	વર્ણનાત્મક	૧૦ ગુણ
સંક્ષિપ્ત લેખન	વર્ણનાત્મક	૧૦ ગુણ
પત્રલેખન (બે પત્રો)	વર્ણનાત્મક	૨૦ ગુણ
ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર	વર્ણનાત્મક	૧૦ ગુણ
અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર	વર્ણનાત્મક	૧૦ ગુણ
અંગ્રેજી વ્યાકરણ	હેતુલક્ષી	૨૦ ગુણ
કોમ્પ્યુટર અંગેની પાયાની જાણકારી /ઓપરેશન્સ (ચલાવવા અંગેની જાણકારી)	હેતુલક્ષી	૨૦ ગુણ
		૧૦૦ ગુણ

પ્રશ્નપત્ર -૨ : કૌશલ્ય કસોટી (લઘુલિપિ અને અનુલેખનનું ટાઈપીંગ) : ૧૦૦ ગુણ

- લઘુલિપિ અને કોમ્પ્યુટર પર અનુલેખનનું ટાઈપીંગ
- ૪ મિનિટના એક એવા ૨ પરિચ્છેદોનું શ્રુતલેખન (કુલ ૮ મિનિટ)
- શ્રુતલેખનની ઝડપ : **ગુજરાતી** લઘુલિપિમાં પ્રતિ મિનિટ ૭૫ શબ્દો
- અનુલેખનના ટાઈપિંગ માટેનો સમય : કુલ ૬૦ મિનિટ

ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં મેળવેલા ગુણ પરથી તેમનું આખરી ક્રમાંકન નક્કી કરવામાં આવશેબંને ફકરાના કુલ ૧૦૦ ગુણમાંથી ૯૦ ગુણ અનુલેખન માટે અને ૧૦ વિરામચિહ્નો વગેરે માટે ફાળવવામાં આવ્યા છે.અનુલેખન માટે ફાળવવામાં આવેલા ગુણમાંથી દરેક 2½ ભુલો માટે એક માર્ક કાપવામાં આવશે.

નોંધ:- દરેક કેસમાં લઘત્તુમ ૨૦ માર્ક્સ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ આપવામાં આવશે.

Downloaded from websankul.com

કમિશનરશ્રીની કચેરી,મહેકમ વિભાગ, ભાવનગર મહાનગરપાલિકા
સર મંગળસિંહજી રોડ, ભાવનગર
Email ID: bmc.cpo@gmail.com

(૨) સ્ટેનોગ્રાફર (અંગ્રેજી)

<u>પરીક્ષા પધ્ધતિ :-</u>

(૧) લાયકી પરીક્ષા (લધુલિપિ કસોટી)

(ક) પ્રતિ મિનિટ ૮૦ શબ્દોની ઝડપે બે મિનિટના અંગ્રેજી પરિચ્છેદનું લધુલિપિમાં શ્રુતલેખન અને તેનું અનુલેખન પ્રતિ મિનિટ સાત શબ્દોની ઝડપે કરવું (સુવાચ્ય હસ્તાક્ષરમાં, ટાઈપિંગથી નહી).

(ખ) આ કસોટીનો હેતુ , આપેલ શાબ્દિક ઝડપ માટે લધુલિપિના લખાણમાં લખવા માટેની ઉમેદવારની ક્ષમતા ચકાસવાનો છે.

(ગ) કસોટીનો પ્રકાર, લધુલિપિમાં ઉમેદવારોના કૌશલ્યની ખાતરી કરવાનો છે. લધુલિપિમાં જરૂરી કૌશલ્ય ધરાવતા હોય તેવા ઉમેદવારોને, મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે પાત્ર જાહેર કરવામાં આવશે.

(૨) મુખ્ય પરીક્ષાની યોજના અને તેના વિષય.

મુખ્ય પરીક્ષા, નીચેના બે પ્રશ્નપત્રોની રહેશે :

પ્રશ્નપત્ર -૧ : અંગ્રેજી : ભાષા પ્રભુત્વ અને કોમ્પ્યુટરની જાણકારી (વર્ણનાત્મક અને હેતુલક્ષી)

પ્રશ્નપત્રનું માળખું: ૧૦૦ ગુણ , સમયગાળો ૨:૦૦ કલાક (૧૨૦ મિનિટ)

નિબંધ	વર્ણનાત્મક	૧૦ ગુણ
સંક્ષિપ્ત લેખન	વર્ણનાત્મક	૧૦ ગુણ
પત્રલેખન (બે પત્રો)	વર્ણનાત્મક	૨૦ ગુણ
ગુજરાતીમાંથી અંગ્રેજીમાં ભાષાંતર	વર્ણનાત્મક	૧૦ ગુણ
અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર	વર્ણનાત્મક	૧૦ ગુણ
અંગ્રેજી વ્યાકરણ	હેતુલક્ષી	૨૦ ગુણ
કોમ્પ્યુટર અંગેની પાયાની જાણકારી /ઓપરેશન્સ (ચલાવવા અંગેની જાણકારી)	હેતુલક્ષી	૨૦ ગુણ
		૧૦૦ ગુણ

પ્રશ્નપત્ર -૨ : કૌશલ્ય કસોટી (લધુલિપિ અને અનુલેખનનું ટાઈપીંગ) : ૧૦૦ ગુણ

- લધુલિપિ અને કોમ્પ્યુટર પર અનુલેખનનું ટાઈપીંગ
- ૪ મિનિટના એક એવા ૨ પરિચ્છેદોનું શ્રુતલેખન (કુલ ૮ મિનિટ)
- શ્રુતલેખનની ઝડપ : અંગ્રેજી લધુલિપિમાં પ્રતિ મિનિટ ૧૦૦ શબ્દો
- અનુલેખનના ટાઈપિંગ માટેનો સમય : કુલ ૫૦ મિનિટ

ઉમેદવારોએ મુખ્ય પરીક્ષામાં મેળવેલા ગુણ પરથી તેમનું આખરી ક્રમાંકન નક્કી કરવામાં આવશે.બંને ફકરાના કુલ ૧૦૦ગુણમાંથી ૯૦ ગુણ અનુલેખન માટે અને ૧૦ વિરામચિહ્નો વગેરે માટે ફાળવવામાં આવ્યા છે. અનુલેખન માટે ફાળવવામાં આવેલા ગુણમાંથી દરેક 2½ ભુલો માટે એક માર્ક કાપવામાં આવશે.

<u>નોંધ:-</u> દરેક કેસમાં લધત્તમ ૨૦ માર્ક્સ સુધી આપી શકાશે અને ત્યારબાદ ઝીરો માર્ક્સ આપવામાં આવશે.આમ,

વહીવટી અધિકારી
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

Downloaded from websankul.com